# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 27-03-2026 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી-મુખ્યમંત્રીઓ સાથે બેઠક

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અત્યારે સાંજે પશ્ચિમ એશિયાના સંઘર્ષ પર વિડીયો કોન્ફરન્સ દ્વારા તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વાતચીત કરશે અને તેમની રાજ્ય તૈયારીઓ અને યોજનાઓની સમીક્ષા કરશે. આ બેઠક "ટીમ ઇન્ડિયા" ભાવનાથી સંકલિત પ્રયાસો સુનિશ્ચિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. જોકે, આદર્શ આચારસંહિતાને કારણે, ચૂંટણીવાળા રાજ્યોના મુખ્યમંત્રીઓ બેઠકમાં હાજરી નહીં આપે.

---------------------------------------------------------------------------

## પેટ્રોલ-ડિઝલ એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો:

સરકારે ઘરેલુ વપરાશ માટે પેટ્રોલ અને ડીઝલ પરની કેન્દ્રીય એક્સાઇઝ ડ્યુટીમાં પ્રતિ લિટર 10 રૂપિયાનો ઘટાડો કર્યો છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું કે, પશ્ચિમ એશિયાના સંકટ વચ્ચે આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયથી ગ્રાહકોને વધતી કિંમતોથી રાહત મળશે.

દરમ્યાન, કેન્દ્ર સરકારે રાજ્યોની વાણિજ્યિક એલપીજી ફાળવણીને 70 ટકા સુધી વધારવાનો નિર્ણય લીધો છે, જેમાં સ્ટીલ, ઓટોમોબાઈલ અને કાપડ જેવા ઉદ્યોગોને 20 ટકા ફાળવણી આપવામાં આવશે.

---------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી-શિષ્યવૃતિ વિતરણ:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ગાંધીનગર વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતેથી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અપાઈ, જેમાં નમો લક્ષ્મી ,નમો સરસ્વતી, મુખ્યમંત્રી જ્ઞાન સાધના સ્કોલરશીપ યોજના, મુખ્યમંત્રી જ્ઞાન સેતુ સ્કોલરશીપ યોજના હેઠળ રાજ્યના 13 લાખ 96 હજાર વિદ્યાર્થીઓને 354 કરોડ રૂપિયાની શિષ્યવૃત્તિ આપવામાં આવી હતી.

---

## પોલીસ-બદલીઓનો દોર:

રાજ્ય પોલીસ વિભાગમાં મોટાપાયે આંતરિક બદલીઓનો દોર શરૂ થયો છે, જેની અસર કચ્છ જિલ્લામાં પણ જોવા મળી રહી છે. પશ્ચિમ કચ્છના 9 અને પૂર્વ કચ્છના 11 મળી કુલ 20 પોલીસ ઇન્સ્પેક્ટર્સની જિલ્લા બહાર બદલી કરવામાં આવી છે. જયારે, રાજ્યના અન્ય ભાગોમાંથી કુલ 12 નવા PI કચ્છને ફાળવવામાં આવ્યા છે.

---

## RTE પ્રવેશ પ્રક્રિયા:

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ શૈક્ષણિક વર્ષ 2026-27 માટે ખાનગી શાળાઓમાં મફત પ્રવેશની પ્રક્રિયા જાહેર કરાઈ છે. આ યોજના અંતર્ગત કચ્છ જિલ્લામાં આવેલી અંદાજે 400 જેટલી ખાનગી શાળા પૈકી નિયત માપદંડોમાં આવતી 350 જેટલી શાળાઓમાં વંચિત અને નબળા વર્ગના બાળકોને ધોરણ-1માં પ્રવેશ આપવામાં આવશે.

1 જૂન 2026ના રોજ 6 વર્ષ પૂર્ણ થયા હોય તેવા બાળકો RTE હેઠળ પ્રવેશ મેળવવા માટે પાત્ર ગણાશે. સરકાર દ્વારા જાહેર કરાયેલા અગ્રતાક્રમ મુજબ, અનાથ બાળકો, સંભાળની જરૂરિયાતવાળા બાળકો, બાલગૃહના બાળકો અને સ્થળાંતરિત મજૂરોના બાળકોને પ્રવેશમાં પ્રથમ પસંદગી આપવામાં આવશે. આ ઉપરાંત દિવ્યાંગ બાળકો, શહીદ જવાનોના સંતાનો અને જે માતા-પિતાને એકમાત્ર દીકરી હોય તેવા પરિવારોને પણ વિશેષ પ્રાધાન્ય મળશે.

અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક-શૈક્ષણિક રીતે પછાત વર્ગના બાળકો પણ આ મફત શિક્ષણ યોજનાનો લાભ લઈ શકશે. આ સિવાય રાજ્ય સરકાર હસ્તકની સરકારી આંગણવાડીમાં અભ્યાસ કરતા બાળકો તેમજ સામાન્ય કેટેગરીના બાળકો પણ પ્રવેશને લાયક ગણાશે.

પ્રવેશ ઈચ્છતા વાલીઓએ આગામી 5 એપ્રિલથી 16 એપ્રિલ દરમિયાન વેબ પોર્ટલ rte.orpgujarat.com પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

---

## રામનવમીની ઉજવણી:

આજે જિલ્લા ભરમાં રામ નવમીની ઉમંગ અને ઉલ્લાસભેર ઉજવણી થઈ રહી છે. સવાર થી જ પૂજન આરતી સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. વિવિધ સ્થળે શોભા યાત્રા યોજાઈ હતી અને બપોરે બાર વાગ્યે રામ જન્મોત્સવ ઉજવાયો હતો. ભુજમાં આવેલા રઘુ નાથજી મંદિરે ધાર્મિક કાર્યક્રમો ઉપરાંત સાંસ્કૃતિક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત, અંજાર ખાતે ગુજરાતની બીજી સૌથી મોટી ઐતિહાસિક શોભાયત્રા યોજાઈ હતી. ભુજમાં બાઇક રેલી સહિતના આયોજનો કરાયા છે. આજે રામ નવમી સાથે સ્વામિનારાયણ જયંતીની પણ ઉજવણી કરાઈ રહી છે.

---------------------------------------------------------------------------------------------

## વાહન અકસ્માતો:

વાહનોની વધતી સંખ્યા અને વાહનોની બેફામ ગતિ સહિતના કારણોને લીધો પૂર્વ કચ્છ રેડ ઝોન બન્યો હોય તેમ ચાલુ વર્ષ ૨૦૨૬ના પ્રથમ ત્રણ મહિનાની અંદર જ 50 જેટલા જીવલેણ અકસ્માત થયા હોવાનું ધ્યાનમાં આવ્યું છે.

પૂર્વ કચ્છ પોલીસ ક્ષેત્રમાં 1 જાન્યુઆરીથી 25 માર્ચ સુધીના આંકડા પર નજર કરીએ તો માર્ગ અકસ્માતના બનાવોમાં આ 50 જીવલેણ અકસ્માત ઉપરાંત, અન્ય 25 માર્ગ અકસ્માતોમાં ઇજાગ્રસ્તો જીવન મરણ વચ્ચે ઝોલા ખાઇ રહ્યા છે તો અમુક લોકો અકસ્માતને કારણે દિવ્યાંગ બન્યા છે.

સૌથી વધુ જોખમી માર્ગોની વાત કરીએ તો અંજાર-મુન્દ્રા હાઈવે પર ખેડોઈ નજીકનો વિસ્તાર, ગળપાદર હાઈવે, ગાંધીધામ-સામખિયાળી હાઈવે અને સામખિયાળી-મોરબી/રાધનપુર હાઈવે મુખ્ય છે.

આ અકસ્માતોની તપાસમાં મુખ્યત્વે બહાર આવ્યું છે કે મોટાભાગના અકસ્માતો પાછળ વાહનોની બેફામ ગતિ, હાઈવે પર થતું આડેધડ પાર્કિંગ અને ટ્રાફિક નિયમો પ્રત્યેની ઘોર બેદરકારી જવાબદાર છે. ઉપરાંત, છેલ્લા ચાર વર્ષમાં વાહનોની વધી રહેલી સંખ્યાને ધ્યાને લઇ રસ્તાઓનું વિસ્તૃતિકરણ ન થતું હોવાથી અને જરૂરી ફ્લાય ઓવર ન બનતા હોવા જેવા કારણો પણ સામે આવ્યા છે.

---------------------------------------------------------------------------------------------